સત્યમેવ જયતે

રજુ કર્યા તારીખઃ– ૨૨/૧/૨૦૧૦
દાખલ કર્યા તારીખઃ– ૨૨/૧/૨૦૧૦
ફૈંસલ કર્યા તારીખઃ– ૧૫/૯/૨૦૧૪
સમયગાળો......વર્ષ.......માસ......દિવસ

## અમદાવાદના મહે. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.અમદાવાદ

ક્રિ.કેસ નંબર.૩૨/૨૦૦૯.
આંક–૧૮

ફરીયાદીઃ– સ ર કા ર
(સુનીલ કમલાસન નાયર)

વિરુધ્ધ.

તહોમતદારઃ– (૧). મફતભાઈ પશાભાઈ સોલંકી
ઉ.વ.૪૮.
રહે.આઈ/૪,ગવમે ન્ટ બી કોલોની,શાહીબાગ,અમદાવાદ.

(૨). ચેતનકુમાર ગીરીશભાઈ પરમાર
ઉ.વ.૨૯
રહે.૧૫/૪૭,'ઈ' કોલોની,મેઘાણીનગર,અમદાવાદ.

(૩). અનીલકુમાર સોમાભાઈ વણકર
ઉ.વ.૩૭
રહે.૧૮૩,જયભવાની રો હાઉસ,કલોલ,તા.જી.ગાંધીનગર

(૪). ભરતભાઈ મુળજીભાઈ વાઘેલા
ઉ.વ.૩૦
રહે.ડી/૨/૩૦૪,સત્યમ ફ્લેટ,રખીયાલ,અમદાવાદ

ગુનોઃ– ઈ.પી.કો.કલમ–૩૮૦,૧૧૪ મુજબ.

સરકાર તરફે એ.પી.પી.શ્રી ડી.કે.સારેસા
આરોપીઓ તરફે વિધ્વાન વકીલશ્રી જે.કે.પરમાર

જ જ મે ન્ટ.

(૧). ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે આ કામના આરોપીઓએ ભેગા મળીને ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી તા.૧૫/૧૧/૦૯ ના અગાઉ કોઈપણ સમયે સિવીલહોસ્પિટલમાં આવેલ યુ.એન.મહેતા હોસ્પિટલના દદી ઓની સારવાર માટે ઉપયોગમાં લેવાતી સીરીન્જ નંગ–૬ ની ચોરી કરી તથા સીરન્જ પંપ નંગ–૨ ની ચોરી કયા અંગેની ફરીયાદીએ શાહીબાગ પોલીસ સ્ટેશને ફરીયાદઆપતા પોલીસે ગુનો રજીસ્ટરે નોંધી તપાસ કરેલી અને આરોપીઓ વિરૂધ્ધ પુરાવો મળી આવતા તપાસને અંતે

આરોપીઓ વિરુધ્ધ હાલનું ઈ.પી.કો. કલમ ૩૮૦,૧૧૪ મુજબના ગુનાનું ચાર્જશીટ રજુ કરેલું છે.

(૨). ફરીયાદીની ફરીયાદના સંદર્ભમાં આરોપીઓને સમન્સ કરતા આરોપીઓ હાજર થયેલા અને સીઆરપીસી ૨૦૭ ની જોગવાઈનું પાલન કર્યા બાદ આરોપીઓ સામે આંક ૪ થી તહોમતનામું

ફરમાવી આરોપીઓનું નિવેદન લેતાં તેમણે આંક ૫ થી ૮ જણાવ્યા મુજબ ગુનાનો ઈન્કાર કરેલો છે.

ત્યારબાદ ફરીયાદ પક્ષનો પુરાવો લેવામાં આવેલો છે અને પુરાવો પુરો થયા બાદ આરોપીઓ સામે ખુલાસાલાયક પુરાવો ન હોવાથી આરોપીઓનું ક્રિ.પ્રો.કોડ કલમ ૩૧૩ મુજબ વધારાનું નિવેદન લેવામાં આવેલ નથી ત્યારબાદ બંને પક્ષના વિધ્વાન વકીલશ્રીઓની દલીલો સાંભળી.

(૩). ઉપરોકત હકીકતે મારા નિર્ણય માટે નીચેના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

(૧). શું ફરીયાદપક્ષ પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ ભેગા મળીને ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી તા.૧૫/૧૧/૦૯ ના અગાઉ કોઈપણસમયે સિવીલ હોસ્પિટલમાં આવેલ યુ.એન.મહેતા હોસ્પિટલના દદી ઓની સારવાર માટે ઉપયોગમાં લેવાતી સીરીન્જ નંગ–૬ ની ચોરી કરી તથા સીરન્જ પંપ નંગ બે કિંમત રૂ.૪૦ હજારની ચોરી કરી લઈ જઈ ઈ.પી. કો.કલમ ૩૮૦,૧૧૪ મુજબનો ગુનો કરેલો છે?

(૨). શું હુકમ ?

(૪). ઉપરના મુદ્દાનો મારો નિર્ણય નીચે મુજબ છે.

(૧). નકારમા.

(૨). આખરી હુકમ મુજબ.

<u>કા ર ણો</u>.

<u>મુદ્દા નં.૧:</u>–

(૫). ફરીયાદ પક્ષે પોતાના કેસના સંદર્ભમાં આરોપીઓ પાસેથી મુદ્દામાલ કબજે લીધા અંગેના પંચનામાના પંચ સાહેદ મુકેશ રામબાબુ બઘેલે આંક ૧૦ થી સોગંદ ઉપર જુબાની આપેલી છે. સદર

સાહેદની જુબાની દરમ્યાન જણાવેલ છે કે,તા.૧૫/૧૧/૦૯ ના રોજ હું મારી રીક્ષા લઈને સિવીલ હોસ્પિટલ

ગયેલ ત્યારે પોલીસે મારી તૈયાર પંચનામામાં સહી લીધેલી તે સિવાય કંઈ જાણતો નથી.હું કોઈ સ્થળે ગયેલ નથી કે મારી બુરુમાં કોઈ પંચનામું કરેલ નથી.પંચનામામાં મારી સહી છે જે આંક ૧૧ થી રજુ કરેલ છે. સદર સાહેદે ફરીયાદ પક્ષના કેસની હકીકતોથી તદ્દન વિરોધાભાસી જુબાની આપેલી હોય તેમને ફરી ગયેલા જાહેર કરી એ.પી.પી.શ્રી દ્દવારા લીધેલ ઉલટતપાસ દરમયાન પણ ફરીયાદ પક્ષને મદદરૂપ થાય તેવો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવતો નથી.આમ આ સાહેદની જુબાની આધારે આરોપીઓના કબજામાંથી મુદ્દામાલ કબજે લીધાનું માની શકાય તેમ નથી.

ફરીયાદપક્ષ તરફથી મુદ્દામાલ કબજે લીધાના પંચ સાહેદ બાગડી પ્રેમસુખ બોદુજીને આંક ૧૩ થી સોગંદ ઉપર તપાસેલા છે અને તેમની જુબાની દરમ્યાન પંચનામું આંક ૧૪ થી રજુ થયેલ છે.આ પંચનામાની કોઈજ વિગતોની મને ખબર નથી તેમ જણાવેલ છે.માત્ર આ સાહેદની પંચનામાં સહી હોય તેટલા માત્રથી આ કામના આરોપીઓએ કહેવાતા મુદ્દામાલની ચોરી કરી હોવાનું માની શકાય તેમ નથી. આ સાહેદને ફરી ગયેલા જાહેર કરી એ.પી.પી. શ્રી દ્દવારા લીધેલી ઉલટતપાસ દરમ્યાન પણ ફરીયાદ પક્ષને મદદરૂપ થાય તેવો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવતો તેવા સંજોગોમાં આ સાહેદની હાજરીમાં બનાવવાળી જગ્યાનું પંચનામું કરવામાં આવેલાનું માની શકાય તેમ ન હોય આ સાહેદની જુબાની ફરીયાદ પક્ષના કેસને મદદરૂપ થઈ શકે તેમ નથી.

ફરીયાદપક્ષ તરફથી માક ૧૫/૧ ના પંચનામાંના પંચ સાહેદ અરવીંદભાઈ ભગવાનભાઈ પટેલ આંક ૧૫ થી સોગંદ ઉપર તપાસેલા છે અને સદર સાહેદે ફરીયાદ પક્ષના કેસની હકીકતોથી તદ્દન

વિરોધાભાસી જુબાની આપેલી હોય તેમને ફરી ગયેલા જાહેર કરી એ.પી.પી.શ્રી દ્વારા લીધેલ ઉલટતપાસ

દરમ્યાન પણ ફરીયાદ પક્ષને મદદરૂપ થાય તેવો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવતો નથી.આ સાહેદે માત્ર માક ૧૫/૧ ના પંચનામામાં સહી કરેલી તેટલા માત્રથી આરોપીઓ ઘરની જડતી કરી આરોપીને પકડેલ હોવાનું ફલિત થતું નથી તેવા સંજોગોમાં આ સાહેદની જુબાની ફરીયાદ પક્ષને મદદરૂપ થઈ શકે તેમ નથી.

ફરીયાદ પક્ષ તરફથી આંક ૧૮ ના બનાવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદ મહંમદઆસીફ ઈસ્માઈલભાઈ શેખને આંક ૧૭ થી તપાસેલા છે. આ સાહેદે ફરીયાદ પક્ષના કેસની હકીકતોથી તદ્દન વિરોધાભાસી જુબાની આપેલી હોય તેમને ફરી ગયેલા જાહેર કરી એ.પી.પી.શ્રી દ્વારા લીધેલ ઉલટતપાસ દરમ્યાન પણ ફરીયાદ પક્ષને મદદરૂપ થાય તેવો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવતો નથી.આ સાહેદે સ્પષ્ટપણે જુબાની આપેલ છે કે, પોલીસે મને ખાડીયા પો.સ્ટેશન બોલાવી સહી કરવાનું કહેતા મેં સહી કરેલી. હું પોલીસ સાથે કોઈ જગ્યાએ ગયેલ નથી. પોલીસે મારી હાજરીમાં બીજી કોઈ કાય વાહી કરેલી નહિ. આ સાહેદે માત્ર આંક ૧૮ ના પંચનામામાં સહી કરેલી તેટલા માત્રથી આરોપીઓ સામેના કેસની હકીકત પુરવાર થયેલાનું માની શકાય તેમ નથી.

સમગ્ર રજુ થયેલ પુરાવાની હકીકતો લક્ષ પર લેતા આ કામે રજુ થયેલા બનાવવાળી જગ્યાનું પંચનજામું તથા આરોપીઓના કબજામાંથી કે તેમના ઘરની જડતી દરમ્યાન કરવામાં આવેલ પંચનામાની વિગતોએ ઉપરોકત તમામ પંચ સાહેદો ફરીયાદ પક્ષના કેસની હકીકતોને લેશમાત્ર સમથ ન કારી પુરાવો આપતા નથી તેવા સંજોગોમાં આ કામના આરોપીઓએ ભેગા મળી એકબીજાની મદદગારીમાં

તા.૧૫/૧૧/૦૯ ના અગાઉ કોઈપણ સમયે સિવીલ હોસ્પિટલમાં આવેલ યુ.એન.મહેતા હોસ્પિટલના

દદી ઓની સારવાર માટે ઉપયોગમાં લેવાતી સીરીન્જ નંગ–૬ ની ચોરી કરી તથા સીરન્જ પંપ નંગ–ર ની ચોરી કરી લઈ જઈ ભારતીય દંડ સહિતાની કલમ ૩૮૦,૧૧૪ મુજબનો ગુનો કર્યાનું નિઃશંકરીતે પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ નીવડેલ હોઈ મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

હુ ક મ.

ક્રિ.પ્રો.કોડ કલમ–ર૪૮(૧) અન્વયે આરોપીઓને ઈ.પી.કો.કલમ ૩૮૦,૧૧૪ મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ કરૂ છું.

આરોપીઓએ અગાઉ આપેલા જામીન ક્રિ.પ્રો.કોડ કલમ ૪૩૭–એ અન્વયે છ માસ સુધી અપીલ પીરીયડ સુધી ચાલુ રાખવા વિકલ્પે નવા જામીન આપવા.

મુદ્દામાલ સીરીજ પંપ યુ.એન.મહેતા હોસ્પિટલના અધિકૃત કમ ચારીને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં સહી કરી જાહેર કર્યો.

અમદાવાદ.

તા.૧૫/૯/ર૦૧૪.

(એમ. વી.ગોહેલ)
ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
અમદાવાદ.
કોડ નં.GJ00481